ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# પર્યાવરણીય સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસ

ડો. મોનાબેન જગદીશભાઈ ત્રિવેદી
આસીસ્ટન પ્રોફેસર, ઈકોનોમિકસ.

પી.એસ.હિરપરા આર્ટસ, કોમર્સ, બી.બી.એ., બી.સી.એ.
એન્ડ બી.એસ.સી. (સાયન્સ) મહિલા કોલેજ– જેતપુર.

# પર્યાવરણીય સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસ

## ૧) પ્રસ્તાવના :–

માનવ અને પર્યાવરણનો નાતો આજકાલનો નહી પરતુ બહુ જૂનો છે. માનવ જયારે પૂરાતન યુગમા જીવતો અને પ્રાથમિક કક્ષાનુ જીવન જીવતો હતો અને આદિમાનવ કહેવાતો હતો ત્યારે તે કુદરત કે પર્યાવરણના સપૂર્ણ પ્રભાવ નીચે જીવન ગુજારતો હતો, તે સમયે માનવ માટે કુદરતી પર્યાવરણ પોષક, રક્ષક અને આશ્રય દાતા હતુ. આજે પણ માનવીની મોટા ભાગની આર્થિક પ્રવૃતિઓનુ આધારબિદુ અન પોષક, રક્ષક, આશ્રય દાતા પર્યાવરણ જ છે.

માનવે આજે પર્યાવરણના અનેક પરિબળો ઉપર અશત: પ્રભુત્વ મેળવી પોતાની બુધ્ધિ પ્રતિભાથી પ્રગતી સાધી છે. આજે માનવને ખોરાક, પોષાક, રહેઠાણ ઉપરાત વિવિધ આર્થિક પ્રવૃતિઓ માટેનુ જરૂરી ભાથુ તેમજ વિવિધ કુદરતી સપતિની ભેટ પ્રાપ્ત થઈ રહી છે. તે અને ખેતી, પશુપાલન, ઉદ્યોગ, વાહન વ્યવહાર કે બીજી કોઈ પણ આર્થિક પ્રવૃતિના પાયામા પર્યાવરણ રહેલુ છે.

વર્તમાન સદીના પ્રથમ દાયકામા માનવી સમક્ષ અનેક કુદરતી અને માનવ સર્જિત વૈશ્વિક સમસ્યાઓએ ગભીર પ્રશ્નો ઉભા કર્યા છે. માનવી સહિત જીવસૃષ્ટિ પર્યાવરણ પર આધારિત છે. પરતુ વર્તમાન પરિસ્થિતિ જોતા કહી શકાય કે માત્ર માનવી જ પયાવરણનો દુશ્મન છે. પર્યાવરણને પ્રદૂષિત તેમજ અસમતોલ કરવા માટે જવાબદાર એક માત્ર માનવસૃષ્ટિ જ છે. આધુનિકરણ તેમજ વધુને વધુ સફળતા પ્રાપ્ત કરવાનો ખોટી ઘેલછાને લીધે આપણે જ પર્યાવરણનો વિનાશ નોતર્યો છે.

VIDHYAYANA

## ૨) પર્યાવરણનો અર્થ અને ઘટકો :–

### ૧) પર્યાવરણનો અર્થ :–

પર્યાવરણ એટલે પરિ+આવરણ “પરિ” એટલે આસપાસનુ અને “આવરણ” એટલે આચ્છાદન . માનવ સહિત તમામ જીવસૃષ્ટિ જેના ઉપર આધાર રાખે છે. તેવા સપૂર્ણ જૈવિક અને અજૈવિક પરિબળોની સાથેની સપૂર્ણ કુદરતો પ્રક્રિયા અને તેના દ્વારા નીપજતા સકુલનને પર્યાવરણ તરીકે ઓળખાવી શકાય.

આમ, માનવ સહિત તમામ જીવસૃષ્ટિનુ અસ્તિત્વ પર્યાવરણની ગેરહાજરીમા કલ્પી શકાતુ નથી. માનવીને પર્યાવરણની સતત જરૂર પડે છે. તેથી પર્યાવરણનુ પ્રદૂષણ અને અસમતુલન એ માનવી સહિત સમગ્ર જીવસૃષ્ટિ માટે માનવ સર્જિત જ ગભીર સમસ્યા સર્જે છે.

### ૨) પર્યાવરણના ઘટકો :–

પર્યાવરણના મૂખ્ય ચાર ઘટકો છે.i)વાતાવરણ, ii) મૃદાવરણ(ભૂમિઆવરણ), iii) જલાવરણ, iv) જૈવિક આવરણ. જેની સમજૂતી નીચે મુજબ છે.

**i) વાતાવરણ :–**

પૃથ્વીની સપાટીથી આશરે ૮૦૦ થી ૧૦૦૦ કિમી સુધી વિસ્તરેલા વાયુમય આવરણને વાતાવરણ કહેવામા આવે છે. વાતાવરણ પૃથ્વીની સપાટી પર સુરક્ષા કવચ બનાવે છે. વાતાવરણમા હવા અને તેના ઘટકો, સુર્યપ્રકાશ, તાપમાન અને ભેજનો સમાવેશ થાય છે. વાતાવરણથી પૃથ્વી પરની જીવસૃષ્ટિ જીવત રહે છે. વાતાવરણમા નાઈટ્રોજન, ઓકિસજન , કાર્બન ડાયોકસાઈડ, નીઓન, હિલિયમ, ઓઝોન વગેરે અનેક વાયુઓ તેમજ પાણીની વરાળ હોય છે. વાતાવરણ સૂર્યની પ્રચડ ગરમોથી રક્ષણ કરે છે. સુર્યના કિરણો દ્વારા વાતાવરણ એક સમાન ગરમ થતુ નથી. આથી વાયુનો પ્રવાહ વહે છે અને પૃથ્વીના જુદા જુદા ભાગોમા આબોહવા, ઉષ્ણતામાન અને વરસાદની માત્રામા ફેરફાર થાય છે. વાતાવરણ જટિલ અને ગતિશીલ ઘટકોનુ બનેલુ છે. આથી જો તેમા ભગાણ થાય, તો સમગ્ર જીવસૃષ્ટિ પર તેની વિપરીત અસરો થાય છે.

**ii) મૃદાવરણ (ભૂમિઆવરણ) :–**

મૃદાવરણમા પર્વતો, ઉચ્ચપ્રદેશો, સપાટ મેદાનો, ખીણો અને કોતરો જેવા અનેક ભૂમિ આકારોનો સમાવેશ થાય છે. મૃદાવરણ માનવી, વનસ્પતિ, પ્રાણીઓ તેમજ સૂક્ષ્મ જીવજતુઓને જરૂરી પોષક તત્વો પૂરા પાડે છે. નદી, હિમનદી, પ્રવન, સૂર્યપ્રકાશ, વરસાદ, હિમ, તાપમાન વગેરે જેવા બાહય કુદરતી બળો દ્વારા મૃદાવરણમા સતત પરિવર્તન થતુ રહે છે. મૃદાવરણમા મુખ્ય બે ઘટકો છે કાર્બનિક અને અકાર્બનિક. ખડકોના ભગાણથી માટી બને છે અને તેના પર માનવી ખેતી કરે છે. ખેતીની જમીનમા ૯૫ ટકા અકાબનિક અને ૫ ટકા કાર્બનિક દ્રવ્યો હોય છે. મૃદાવરણમા રહેલા જીવાણુઓ કાર્બનિક દ્રવ્યો છે. અને રાસાયણીક તત્વો અકાર્બનિક દ્રવ્યો છે. મૃદાવરણના ઉપરના સ્તરને "હયુમસ" કહે છે. ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર મૃદાવરણમા વાયુ અને જળ હોય છે.

VIDHYAYANA

**iii) જલાવરણ :–**

પૃથ્વીની સપાટી પરના પાણીના આવરણને "જલાવરણ" કહે છે. તે પૃથ્વીની સપાટીનો આશરે ૭૧ ટકા ભાગ રોકે છે. જલાવરણમા સાગર, ઉપસાગર, મહાસાગર, નદી, સરોવર, તળાવ, ઝરણા, ભૂગર્ભજળ વગેરેનો સમાવેશ થાય છે.પ્રાચીન માનવ સસ્કૃતિઓનો વિકાસ નદીઓ અને જળાશયોને આભારી હતો. આમ, માનવસમાજ અને તેની સસ્કૃતિના વિકાસ માટે જળ અગત્યનુ પરિબળ છે. જલાવરણનો ૯૭ ટકા જળ હિસ્સો સાગરમા, ૨ ટકા બરફ સ્વરૂપે છે, જે માનવીના ઉપયોગમા આવતો નથી માત્ર ૧ ટકા નદી, સરોવર, અને ભૂગર્ભજળમા રહેલો છે જેના પર જીવનસૃષ્ટિ ટકે છે. આથી સાગરના પાણીને શુધ્ધ કરવાના સઘન પ્રયત્નો થાય છે. જેથી જીવસૃષ્ટિ ટકી રહે.

**iv) જૈવિક આવરણ :–**

પૃથ્વીના અન્ય આવરણની સરખામણીમા જૈવિક આવરણનુ પડ પાતળુ છે. આ પર્યાવરણ નુ જીવત આવરણ હોવાથી તેમા પ્રાકૃતિક રીતે જીવન શકય છે. કારણ કે તેમા હવા પાણી, ખડકો, માટી અને સજીવ

પ્રાણીઓ છે. સમૃદ્રના સૌથી નીચા તળિયાથી વાતાવરણના સૌથી ઊચા બિદુ સુધી આશરે ૨૪ કિમીનુ આ જૈવિક આવરણ છે. જૈવિક આવરણ એક ગતિશીલ અને મોટુ નિવસનતત્ર છે જેમા બીજા અનેક નાના દેશ, રાજય, જિલ્લા, ખીણ, પર્વતમાળા, નદી, સરોવર વગેરે જેવા નિવસનતત્રો છે. આ નાના નિવસનતત્રો સહેલાયથી દેખાય છે. અને ઓળખાય તેવા હોય છ. આમ, જૈવિક આવરણ કોઈ પણ ભુદ્રશ્ય કે જલ દ્રશ્યને તેના સ્તર મુજબ આગવી લાક્ષાણિકતા આપે છે.

પર્યાવરણના ચારેય ઘટકોનુ સયુકત સ્વરૂપ સમ્રગ પર્યાવરણ રચે છે. અગ્નિ, જળ, વાયુ, જમીન અને આકાશ– આ પચમહાભૂતોનુ પર્યાવરણ બનેલુ છે. આ પાચેય તત્વોન સચાલન વ્યવસ્થિત રીતે થાય છે. આથી જ સમગ્ર પર્યાવરણના ઘટકોમા કુદરતે પરસ્પર સમતુલા સ્થાપી છે.

## ૩) આર્થિક વિકાસ :–

“ આર્થિક વિકાસમા સામાન્ય રીતે ખેતી ક્ષેત્ર, ઔદ્યોગિક ક્ષેત્ર, વ્યાપાર, સેવાક્ષેત્ર, પરિવહન, સિચાઈના સાધનો વગેરેના વિકાસનો સમાવેશ કરવામા આવે છે. તેમજ આર્થિક વિકાસએ એક એવી પ્રક્રિયાનુ નિર્દેશન કરે છે કે જેમા માળખાગત સુધારાઓ પણ આર્થિક વિકાસની પ્રકિયાનો જ એક ભાગ માનવામા આવે છે.”

“અર્થતત્રમા વસ્તુઓ અને સેવાઓના પ્રવાહમા વૃધ્ધિ કરીને સમાજમા સ્વીકૃત ભૌતિક જીવન ધોરણ ટકાવી શકાય, તે પ્રકારના કાયમી પોષણક્ષમ સુધારા કરવામા આવે તેમને આર્થિક વિકાસ કહી શકાય”

આજે વિશ્વના બધા જ દેશો પછી તે વિકસિત હોય, અલ્પવિકસિત હોય કે વિકાસમાન હોય, આર્થિક વિકાસને જડી બુટીના સ્વરૂપે ગણી તેનો સર્વાનુમતે સ્વિકાર કર્યો છે. અલ્પવિકસિત રાષ્ટ્રો ગરીબી, બેરોજગારી, ગદા વસવાટો, શહેરી સમસ્યાઓ, આરોગ્ય વિષયક સવલતોનો અભાવ, અજ્ઞાનતા, આર્થિક અસામાનતા વગેરે જેવી સમસ્યાઓને દૂર કરવા માટે આથિક વિકાસ કરતા હોય છે. જયારે વિકસિત રાષ્ટ્રો માટે આર્થિક વૃધ્ધિની જાણવણી એ તેનો પ્રાણ પ્રશ્ન હોય છે. અને તેથી આર્થિક વિકાસ કરતા હોય છે. જો કે આર્થિક વિકાસનો ખ્યાલ એ કોઈ સ્થાયી ખ્યાલ નથી પરતુ સતત વિકસતો ખ્યાલ છે. સમયના પરિવર્તન સાથે તેના અર્થઘટનો બદલાતા રહે છે. પરતુ એક વાત તો નિશ્વિત જ છે કે આર્થિક વિકાસના પરિણામે આજે માનવીને ખોરાક, પોષાક, રહેઠાણ ઉપરાત વિવિધ આર્થિક પ્રવૃતિઓ માટેનુ જરૂરી ભાથુ પ્રાપ્ત થયુ છે તેના પાયામા પર્યાવરણ પડેલુ છે.

માનવીની આસપાસનુ પર્યાવરણ અને તેના વિવિધ ઘટકો જેવા કે વાતાવરણ, જલાવરણ,જૈવિક આવરણ, પૃથ્વીના પેટાળમા રહેલી અમૂલ્ય કુદરતી સપતિ, વન્ય સપતિ વગેરે સપતિ જેવા પર્યાવરણ તત્વો વિના વિકાસની કલ્પના પણ થઈ શકે નહિ.

પરતુ આજે માનવી વિકાસ પાછળની આધળી દોડમા પર્યાવરણના ઉપકારોને ભૂલી ગયો છે. અને પૃથ્વી ઉપર, સમુદ્રની અદર અને વાયુ મડળમા પ્રદૂષણનો પાશવી પડછાયો ફેલાવી રહયો છે. વિકાસે પર્યાવરણનુ સતુલન તોડયુ છે. સમગ્ર જીવસૃષ્ટિ પર્યાવરણ પ્રદૂષણના પ્રકોપનો ભોગ બની રહી છે. ત્યારે વિકાસની નવી તરેહ વિષે વિચારવામા નહિ આવે તો ભાવી પેઢાનુ વર્તમાન અને ભાવી પેઢાનુ જીવન ખતરામા મૂકાઈ જશે એ વાત નિશ્ચિત છે.

## ૪) પર્યાવરણ અને વિકાસનો સબધ :–

માનવી અને પર્યાવરણ જેમ અભિન્ન રીતે જોડાયેલા છે તેમ પર્યાવરણ અને વિકાસ એક બીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા છે.પર્યાવરણના કુદરતી અને ભૌતિક બને પાસાઓ આર્થિક વિકાસ માટે અને સમગ્ર માનવ જાત માટે માત્ર આજીવિકા પ્રાપ્ત કરવામા જ નહિ પરતુ તેના બૈધ્ધિક, નૈતિક, સામાજીક, સાસ્કૃતિક અને રાજકીય વિકાસની તક પૂરી પાડવા માટે ઉપયોગી થાય છે. પર્યાવરણના જમીન, પાણી, તાપમાન વગેરે જેવા કુદરતી તત્વોને કારણે અનેક ક્ષેત્રે વિકાસ થયો છે. વિકાસમા આ નિર્જીવ તત્વો ઉપરાત સજીવ તત્વોનો પણ એટલો જ ફાળો છે. દા:ત. આયુર્વેદિક તત્વોથી માનવ જીવનનો વિકાસ થાયો છે. આમ, કુદરતના  સજીવ અને નિર્જીવ બન્ને તત્વોની મદદથી માનવે વિકાસ સાધ્યો છે. આ રીતે પર્યાવરણ અને વિકાસ વચ્ચે ચોકકસ સબધ રહેલો છે.

## ૫) વિકાસમા પર્યાવરણની ઉપેક્ષા અને પ્રશ્નો :–

આજે માનવે જે વિકાસ સાધેલો છે તે પર્યાવરણની ઉપેક્ષા કરીને સાધેલો વિકાસ છે. તેને કારણે પર્યાવરણને લગતા અનેક પ્રશ્નો આજે સ્થાનિક, રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક સ્તરે વિકસેલા જોવા મળે છે. પોતાના નજીવા સ્વાર્થ ખાતર તેઓએ ઝેરી વાયુઓ અને પ્રદૂષિત પાણી વહેવડાવતા અસખ્ય  કારખાનાઓ, પાવર સ્ટેશનો, અણુ વિધુતકેન્દ્રો સ્થાપ્યા છે. આપણુ વાતાવરણ, જળાશયો અને ભૂમિ સપાટી તેમજ પેટાળમા રહેલા ખનીજો અને શુધ્ધ પાણીના પૂરવઠાને ઉલેચવામા પાછુ વાળીને જોયુ નથી. આજે પર્યાવરણની સમસ્યા કોઈ એક દેશ કે પ્રાત પૂરતી મર્યાદિત ન રહેતા વિશ્વને સ્પર્શતી બાબત બની ગઈ છે.

વિકાસ પાછળ અધ બનેલ માનવે પોતાના દેશમા જળ પ્રદૂષણ, ભૂમિ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ,ધ્વની પ્રદૂષણ,દરિયાઈ પ્રદૂષણ, કચરાનુ પ્રદૂષણ , ધૂમાડાનુ પ્રદૂષણ, ઉષ્ણતા પ્રદૂષણ જેવા અનેક પ્રદૂષણ ઉભા કરીને આતરીક રીતે તો પર્યાવરણ સતુલન ખોરવ્યુ છે, પરતુ વિકસિત દેશોના આતરીક પ્રદૂષણ તો  દેશના સિમાડા ઓળગીને આગળ વધ્યા છે. જેને કારણે પર્યાવરણનુ રક્ષણ કરતા નિર્દોષ દેશો અને તેની પ્રજાને પણ પ્રદૂષણના પ્રકોપથી પિડાવુ પડયુ છે.

આજથી ૨૦૦– ૩૦૦ વર્ષ પહેલા પશ્વિમ યુરોપમા ઔદ્યોગિક ક્રાતિનો જન્મ થયો ત્યારથી પર્યાવરણીય પ્રદૂષણ સમસ્યા વધુને વધુ વિકટ બનતી ગઈ છે. દેશોમા જગલોની અધાધૂધ કટાઈ  કરવામા આવે છે. જેને કારણે દેશોનુ પર્યાવરણીય સતુલન બગડવા લાગ્યુ છે. આજે મહામારી ઓનુ તાડવ થઈ રહયુ છે. દરેક દેશમા તેજાબી વર્ષાની ચિતા વધતી જાય છે. ધરતી–કપ, વાવાઝોડા, સૂનામી, વગેરે જેવી અનેક કુદરતી આફતો વધી રહી  છે. માનવે વિકાસના નામ પર મહાકાય કારખાનાઓ ખડા કરી દીધા છે. જેની ચિમનીઓ ઝેર ઓકી રહી છે. નવી સભ્યતાએ ઉર્જાનો ઉપયોગ અમર્યાદિત રીતે વધાર્યો છે.પ્રકૃતિક સસાધનોનુ દહન તેની મર્યાદાથી અધિક વધાર્યુ છે. આ વિકાસને કારણે  પ્રાકૃતિક હવા, પાણી, તથા જીવ–જતુ અત્યત ખરાબરીતે અસર પામ્યા છે.

આ ઔદ્યોગિક અને આર્થિક વિકાસની દોડને કારણે આજે વાહનોની ભીડ એટલી વધી રહી છે. કે તને કારણે આપણે જેને પચમહાભૂત તરીકે ઓળખીએ છીએ તે પૃથ્વી, જળ,વાયુ,આકાશ, અગ્નિ એ બધાજ તત્વો પ્રદૂષિત થઈ રહયા છે. પૃથ્વી પર દોડતા વાહનો, આકાશમા ઉડતા વાયયાનો અને જલમા ચાલતા જલયાનો દ્વારા

ઝેરી ધુમાડો છોડવામા આવી રહયો છે. જેનાથી વાયુમડળ એટલુ પ્રદૂષિત થઈ ગયુ છે કે જીવ– જતુ તથા વનસ્પતિને માટે આજ માટો ખતરો ઉભો થયો છે. તેનાથી ધ્વની પ્રદૂષણ પણ વધી રહયુ છે. તથા ઉર્જાનો ઉપયોગ પણ વધ્યો છે. વાહનો અને ઉદ્યોગ– ધધામાથી નિકળતા વાયુઓને કારણે આજે માનવી અનેક જીવલેણ રોગોનો ભોગ બની રહયો છે. માનવ સ્વાસ્થ્ય ભયમા મૂકાયુ છે વિકાસને કારણે આર્થિક પ્રગતિ થઈ છે પરતુ તેની સાથે પર્યાવરણનો હ્રાસ પણ થયો છે.

ઔદ્યોગિકરણ વિના આર્થિક વિકાસની કલ્પના પણ થઈ શકે નહિ. પરતુ આજ આપણે જયારે પાછળ ફરીને જોઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે બિચારી પ્રકૃતિ આ વિકાસચક્રમા કેવી તડપી રહી છે. ઔદ્યોગિક આધુનિક ક્રાતિને કારણે જે વિકાસ થયો તેને પરિણામે વસ્તીમા વધારો થયો, પરિણામ સ્વરૂપ નગરથી મહાનગર બનતા ગયા. તેના ફલ સ્વરૂપ આર્થિક, સામાજીક, નૈતિક, રાજકીય વગેરે જેવી અનેક સમસ્યાઓ ઉભી થવા લાગી. શહેરી સભ્યતામા ભૌતિક આવસ્યકતાઓ વધવા લાગી જેની પૂર્તી કરવા જતા પ્રાકૃતિક સ્ત્રોત્રોનુ દહન વધવા લાગ્યુ, પ્રકૃતિના વિવેકહીન દહનથી આજે પર્યાવરણીય સમસ્યાઓ ઉત્પન્ન થઈ ચૂકી છે. પર્યાવરણની વૈશ્વીક સમસ્યાઓથી સમગ્ર વિશ્વ આજ એટલુ બધુ ઘેરાઈ ગયુ છે કે તેમાથી બહાર નિકળવાનુ કામ ઘણુ મુશ્કેલ છે. વધતા જતા વાયુ પ્રદૂષણ ‘ગ્રીન હાઉસ’ સમસ્યા અને ‘ઓઝોન’ સ્તરનુ સકટ ઉભુ કર્યુ છે. આ સમસ્યાઓથી વિશ્વનુ તાપમાન વધવા લાગ્યુ છે. વધતા તાપમાને સજીવ તત્વો પર એવી અને એટલી અસર ઉભી કરી છે કે જેથી સમગ્ર નિવસનતત્રમા ખલેલ પડવા લાગી છે.

આમ, આજે વિકાસને કારણે વિશ્વનુ પર્યાવરણ સકટમા મુકાયુ છે. ત્યારે ચિતા થાય તે સ્વાભાવિક છે. પરતુ પર્યાવરણની ચિતાને કારણે શુ વિકાસ પર અકુશ લગાવી દેવો જોઈએ? આ પ્રશ્ન પણ આજની સમસ્યાઓનુ સમાધાન નથી . કારણ કે વર્તમાન સમયમા વિશ્વમા આબાદી એટલી વધી ગઈ છે, કે તેની મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ કરવી આવશ્યક છે. આથી તેના માટે વિકાસ કરવો પણ એટલો જ જરૂરી છે. આથી વિકાસની સાથે સાથે પર્યાવરણ સરક્ષણનુ પાલન થવુ અત્યત જરૂરી છે.

## ૬) પર્યાવરણીય સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસ :–

આજે પર્યાવરણની જે કથળતી સ્થિતિ છે. તેના કારણમા વિકાસના નામ પર કુદરતી સ્ત્રોત્રોનુ દહન, પ્રદૂષણની ભરમાર, ગ્રીન હાઉસ અસર, ઓઝોનમા ગાબડા, વૈશ્વિક તાપમાનમા વધારો, જેવા વૈશ્વિક પર્યાવરણના પ્રશ્નો છે. આવા પ્રશ્નો શરૂ થયા ત્યારે વૈશ્વિક સ્તરે આ ઘટનાઓ તરફ ધ્યાન ખેચાવા લાગ્યુ અને સર્વપ્રથમ ૧૯૭૨ મા ૫ મી જૂને સ્વીડનના પાટનગર સ્ટોક હોમ ખાતે સયુકત રાષ્ટ્રની “ માનવ પર્યાવરણ વિષયક પરિષદ ” મળી.ત્યાર પછી વૈશ્વિક ધોરણે પર્યાવરણ અગે વિચારણા કરવા અનેકવાર સમલનો અને શિબિરો યોજાયા.

આ સમયે ભૂતપૂર્વ નોર્વેજિઅન વડાપ્રધાન બ્રુટલેન્ડ પોતાના રસપ્રદ અહેવાલ (Common Future ) મા “ પર્યાવરણ સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસનો ” ખ્યાલ આપ્યો. તેમા પશ્વિમમા વિકસિત રાષ્ટ્રોમા થઈ ચૂકેલા વિકાસની અને વિકાસશીલ રાષ્ટ્રોમા થઈ રહેલા અને ભવિષ્યમા થઈ શકે તેવા વિકાસની વચ્ચે સેતુ રચવા સાથે એક મધ્યમ વર્ગનુ સૂચન કરવામા આવ્યુ જેનો સમગ્ર વિશ્વમા સ્વીકાર થયો અને પર્યાવરણને નુકસાન ન

પહોચાડે એવા વિકાસને માન્યતા આપવામા આવી. અને વિશ્વભરમા ૫ જૂનના દિવસને "પર્યાવરણ દિન" તરીકે જાહેર કરવામા આવ્યો છે. ભારતમા જે "પયાવરણ દિવસ" તરીકે ઉજવાય છે. હવે આપણે પર્યાવરણીય સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસના ખ્યાલને સમજીએ.

પ્રાકૃતિક પર્યાવરણ માનવને મળેલી કુદરતી ભેટ છે. તે માનવીના ખોરાક, પોષાક, રહેઠાણ અને વ્યવસાય માટે ખૂબ જ ઉપયોગી છે. તેના પ્રાકૃતિક તત્વોનો આડેધડ નાશ કર્યા વિના કે તેને પ્રદૂષિત કર્યા વિના માણસ તેનો સમજ પૂર્વકનો ઉપયોગ કરીને પોતાનુ જીવન સુખી અને સમૃધ્ધ બનાવી શકે છે. પણ આપણે પર્યાવરણ મૂડાને નુકશાન થાય તેવો ખાઉધરો ઉપયોગ કરીને વિકાસ કરી રહયા છીએ અને તેથી આજે માનવ જાત અદ્વિતીય પર્યાવરણાય કસોટીમા ફસાય ગઈ છે. કમનસીબે માનવ વિકાસ સાથે પર્યાવરણ અને નિવસનતત્રની સુરક્ષા જેવી સમજ દાખવી નથી. તેણે ઘણા પ્રાકૃતિક તત્વોનો નાશ કરી પર્યાવરણમા અસમતોલન પેદા કર્યુ છે. અને પર્યાવરણને પ્રદૂષિત કર્યુ છે. આથી આ સમજદારી કેળવી પર્યાવરણનુ રક્ષણ થાય એ રીતે વિકાસ કરવાનો છે. પર્યાવરણને ભોગે થતો વિકાસ છેવટે તો વિકાસનો જ નાશ છે. આવનાર પેઢોના પર્યાવરણીય વારસાને ઘટાડયા વગર વર્તમાન પેઢીએ પોતાના આર્થિક વિકાસને પ્રયોજવાનો છે. આ માટે પર્યાવરણનુ રક્ષણ અને ટકાઉ આર્થિક વિકાસનો ખ્યાલ અપાયો છે.

પર્યાવરણ સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસને સહય વિકાસ કે પોષણ ક્ષમ વિકાસ તરીકે પણ ઓળખવામા આવે છે. પર્યાવરણ સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસ એટલે નિરતર થતો વિકાસ. તે સ્થાયી વિકાસ છે. પર્યાવરણીય સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસમા ઉતરોતર પ્રગતિ થાય છે. તેમા કયારેય પણ ઉતરતો ક્રમ આવતો નથી. પર્યાવરણ અને વિકાસ અગેના વૈશ્વિક પચે પર્યાવરણીય સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસની વ્યાખ્યા આપી છે. તે મુજબ " જેમા વર્તમાનની આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે ભવિષ્યની આવશ્યકતાઓ સાથે સમાધાન કરવુ ન પડ એ રીતે પૂર્ણ કરી શકાય તેવો વિકાસ"

પર્યાવરણ સુરક્ષા અને ટકાઉ આર્થિક વિકાસ એ સૃષ્ટિ વિજ્ઞાન અને વિકાસ એ બને વચ્ચે સમતુલા જાળવવાનો ખ્યાલ છે. પરતુ હાલનો આપણો વિકાસ એવો છે. કે જે માનવીની બધા પ્રકારની જરૂરિયાતોને સતોષી શકતો નથી. આથી પૃથ્વીના કુદરતી સ્ત્રોત્રોનો નાશ થતો હોવાથી એકદરે આવો વિકાસ નિષ્ફળ નિવડે છે. વાસ્તવમા એવા વિકાસની જરૂર છે જે કુદરતી વિવિધતા અને ઉત્પાદકતા જાળવી રાખે તેવો સરક્ષણ આધારિત હોય, જે માનવીના જીવનધોરણને ગુણવતાવાળુ બનાવનારો હોય અને જે લોક આધારિત હોય, માનવીના અને તમામ જીસવસૃષ્ટિ ના જીવનની ગુણવતામા વાસ્તવિક અને સર્વાગી સુધારા થાય અને તેની સાથે પૃથ્વી પરના પર્યાવરણની અને તેની વિવિધતાની સુરક્ષા જળવાઈ રહે એ પ્રકારના ઉદેશોની સિધ્ધિ મેળવી શકે તેવો વિકાસ એ ખરા અર્થમા સાચો વિકાસ છે. આજે પર્યાવરણની સુરક્ષા જળવાયેલી રહે અને તેને નુકસાન ન પહોચાડે એવા વિકાસને જ ટકાઉ આર્થિક વિકાસ તરીકે માન્યતા અપાય છે. આ માટે પર્યાવરણનુ રક્ષણ પણ થાય અને વિકાસ પણ થાય તેવા કાર્યક્રમો ઘડી કાઢવા જોઈએ જેમ કે –

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

P ઔદ્યોગિક સસ્થાઓ પ્રદૂષણ ઉભુ કરે તો પ્રદૂષણ નિવારવા માટેની વ્યવસ્થા પણ તેણે કરવી જોઈએ.

P શહેરી વિસ્તારોનુ પ્રદૂષિત પાણી અને બીજો કચરો નદી, તળાવ કે સમુદ્રમા ઠાલવતા પહેલા તેમા રહેલા હાનીકારક તત્વોનુ નિરસન કરવાની વ્યવસ્થા વિકસાવવી જોઈએ.

P વાહનો હવા અને પાણીને દૂષિત ન કરે તે માટે કડક કાયદાઓ હોવા જોઈએ તેમજ તેનુ પાલન થવુ જોઈએ.

P જગલોનો વિનાશ થતો અટકાવી વનવૃધ્ધિ ઝુબેશને વેગ આપવો જોઈએ અને વિકાસ માટે જયા જયાથી વૃક્ષો કાપવામા આવે ત્યા ત્યા રોપણ પણ થવુ જ જોઈએ.

P જગલના પશુ–પક્ષીઓના શિકાર પર પ્રતિબધ મૂકી તેનો કડક અમલ કરવો જોઈએ. વન્ય પશુ–પક્ષીઓના સરક્ષણ અને સવર્ધન માટે અભ્યારણોની વૃધ્ધિ કરવી જોઈએ.

P વ્યાપક ઔદ્યોગિક વિકાસને પરિણામે પર્યાવરણના સ્થાનિક અને વૈશ્વિક પ્રશ્નો ઉભા થાય છે. તેથી સ્થાનિક અને વૈશ્વિક કક્ષાએ પર્યાવરણની સુરક્ષા કરવામા આવે તો જ વિકાસની ગતિ એકધારી જળવાઈ રહેશે.

P વિકસિત દેશોએ તેમજ દરેક દેશોએ પર્યાવરણની સુરક્ષા માટે પર્યાવરણના વપરાશ, નુકશાન અને પ્રદૂષણના પ્રમાણ જેટલો જ તેની ભરપાઈનો ખર્ચ પણ ઉઠાવવો જોઈએ.

P કુદરતી સશાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. જમીન, હવા, પાણી, વૃક્ષો, જગલો અને ઉર્જા જેવા કુદરતી સસાધનો ટકી રહે તે રીતે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને વિકાસ કરવો જરૂરી છે. આ માટે કુદરતી સસાધનોનુ સતત પુનઃ નિર્માણ થતુ રહે તેની કાળજી લેવી જોઈએ.

P ભૂર્ગભ જળ સ્તોત્રોનુ રક્ષણ કરવુ જોઈએ તે માટે ભૂર્ગભ જળની સ્થિતિ અગે નકશા બનાવી તેનુ સર્વેક્ષણ કરી તેની માહીતીના આધારે પાણીની ઉપલબ્ધતા જાણી તેના પૂનઃ સગ્રહ માટેનુ આયોજન કરવા પર ભાર મૂકવો જોઈએ. અને ભૂર્ગભ જળનુ પ્રદૂષણથી રક્ષણ કરી ભૂર્ગભ જળનો વપરાશ ઘટાડવામા આવે તો મહામૂલી ભૂર્ગભ જળ સપતિનુ સરક્ષણ કરી શકાય

P વસ્તીવૃધ્ધિના જોખમને ટાળવો જોઈએ. વસ્તી, આર્થિક વિકાસ, પર્યાવરણ અને કુદરતી સાધનો એકબીજા સાથે સકળાયેલા છે. જમીન અને કુદરતી સાધનોના સદર્ભમા વસ્તી વધારાને કારણે અનેક પ્રશ્નો સર્જાયા

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

છે. આથી વસ્તી નિયત્રણની દિશામા નકકર આયોજન કરવાની જરૂરીયાત છે.

P ટકાઉ જીવન ધોરણ અપનાવવુ જોઈએ વસ્તી ગમે તેટલી વધુ હોય પરતુ તે ગુણાત્મકતા ધરાવતી હોય તો તે વસ્તી દેશના વિકાસ માટે ઉપયોગી થાય છે. પરતુ તેમા ગુણાત્મકતાનો અભાવ હોવાથી તે સમાજના વિકાસમા અવરોધક બને છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતનો સતોષ અને શિક્ષણ એ તદુરસ્ત સમાજની માગ છે. વસ્ત્ર અને રહેઠાણની પ્રાથમિક જરૂરિયાતની વસ્તુ સમાજના દરેક વર્ગને ઉપલબ્ધ બને, પૂરતો અને પોષણક્ષમ ખોરાક મળી રહે અને સાથો સાથ શિક્ષણની સુવિધાઓ વધે તો શારિરીક અને માનસિક વિકાસ શકય બને ટકાઉ જીવન ધોરણ શકય બને.

P માનવ વસવાટ અગેની સ્વચ્છ, સુઘડ વ્યવસ્થા કરવી જોઈએ. માનવ વસવાટના સ્થળોએ ગદકીનુ પ્રમાણ ઘટાડવા માટે સુયોગ્ય ગટર વ્યવસ્થા, સેનેટરીની વ્યવસ્થા, શૌચાલયની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. વસવાટની સુવિધા સાથે પાણી માટેની યોગ્ય વ્યવસ્થા કરવામા આવે તો જ ગદકી દૂર કરી આવાસોને સુઘડ અને સ્વચ્છ રાખી શકાય સાથે સાથે પાણીનો ખોટો બગાળ ન થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

P દેશમા દરેકે દરેક જગ્યાએ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે દરેક લોકોએ પૂરતો સાથ સહકાર આપવો જોઈએ. તે માટે દરેક જગ્યાએથી ગદકી દૂર કરી અને ગદકી ન થાય તેમજ હમેશા સ્વચ્છતા જળવાઈ રહે તે ધ્યાન રાખવુ જોઈએ. સ્વચ્છતા જળવાઈ રહે તે માટે કડક કાયદાઓનો પૂરતો અમલ થવો જોઈએ.

P પર્યાવરણ સુરક્ષા માટેના દરેકે દરેક કાયદાઓનો કડકપણે અમલ થવો જોઈએ.

P પર્યાવરણ સરક્ષણ અને સવર્ધનની કામગીરી માત્ર સરકાર કે કોઈ એકલ– દોકલ સસ્થાઓ જ નહી કરી શકે, તે માટે બધા જ લોકો, સસ્થાઓ , સગઠનો, ઉદ્યોગો વગેરે બધાજ તેમા સામેલ થાય તો જ આ કામ અસરકારક રીતે થઈ શકે. એ માટે બધા જ લોકોને પર્યાવરણ સુરક્ષા અગે જાગૃત કરવા માટેની લોક ચળવળ શરૂ કરી લોક જાગૃતતા ઉભી કરવી જોઈએ. તે માટે તાલીમ, પ્રચાર, તેમજ પર્યાવરણ શિક્ષણ આપવા શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમા આ માટેની વ્યાપક વ્યવસ્થા કરવી જોઈએ. લોકોએ બીન જરૂરી પાણીનો વ્યય ન કરવો જોઈએ. દરેક લોકો એ દરેક યોગ્ય જગ્યાએ વૃક્ષો વાવી તેનુ જતન કરવુ જોઈએ. લોકો એ બીન જરૂરી વિજળીનો ઉપયોગ ન કરવો જોઈએ. દરેક લોકોએ ઈકોફ્રેન્ડલી બનવુ જોઈએ.

ટીપે ટીપે જ સરોવર ભરાય એ કહેવતને યાદ રાખીને બધાજ લોકો જો પર્યાવરણની સુરક્ષા માટે સજજ થાય તો આપણુ ભવિષ્ય ચોકકસ સુરક્ષિત બનશે. પર્યાવરણની સુરક્ષા માટે સમયસર લીધેલા પગલાઓજ કોઈ ચોકકસ પરિણામ લાવી શકશે.

આમ, ટુકમા પર્યાવરણના વિવિધ ઘટકો જેવા કે જલાવરણ, મૃદાવરણ, વાતાવરણ,જૈવિક આવરણ વગેરેનુ રક્ષણ કરીને જ કરવામા આવતો વિકાસ લાબાગાળા સુધી ટકી શકે તેવો વિકાસ હોય છે.

## ૭) ઉપસહાર :–

ધરતી પાસેથી સતત કઈને કઈ મેળવતો રહેતો માનવી તેને કઈક પાછુ પણ આપવુ જોઈએ. એ વિસરી ગયો છે. પર્યાવરણના આપણે સૌ સતાન હોવા છતા પર્યાવરણ પ્રત્યે પૂરતા સજાગ નથી. માનવ માટે પર્યવરણ પોષક, રક્ષક, અને આશ્રયદાતા, જીવનદાતા છે. પરતુ જો તેની પરતી સુરક્ષા, તકેદારી કે માવજત કરવામા નહિ આવે તો “પોષતુ તે મારતુ” બનશે. રક્ષક જ ભક્ષકની ભૂમીકા અદા કરશે. હજી પણ નહિ જાગીએ તો ભાવી પેઢીને વારસામા સમસ્યાઓજ આપી જઈશુ. તેથી જાગ્યા ત્યારથી સવાર ગણી આ પર્યાવરણ સુરક્ષાના કાર્યક્રમમા જોડાઈ જવાની તાતી જરૂર છે. વિકાસની તરાહ એવી ગોઠવવી જોઈએ કે જેમા પર્યાવરણાય તત્વોની સુરક્ષા સાથે ટકાઉ આર્થિક વિકાસ થાય.